છુપી પોલીસ
(મણકો ૩ જો)

બદમાશ ભીલ બટુકજી



દોહરો

અરધું વાંચી અવરને, જો આપે ઇનસાન.
રસહીણ ગ્રંથગણું નકી, કલમ કરૂં કુરબાન.

આવૃત્તિ પહેલી

કીમત ૦-૨-૬

બદમાશ ભીલ બટુકજી.

સોરઠો,

પાથર પોલીસ જાળ, ફસે ન ફાંસે જાળમાં,
ભીલતણું જે બાળ, પલટે ઉભી પીંજરે.

આ વખતે રાત્રીના એકનો સુમાર સમજાય છે, સરદારગંજ શહેરમાં ચોતરફ શાંતી પ્રસરી રહી છે. નગરવાસીઓ સુખરૂપ નિંદ્રાધીન થતાં હરામખોર બદમાશ પરધન હરવા ચુપચાપ છુપતા છુપતા ગલી ગુંચીઓમાં આંટા મારવા લાગેલા છે. રૈયત રક્ષક પોલીસ રૈયતના જાન માલના રક્ષણાર્થે મોહલ્લે મોહલ્લે પહેરો ભરતી અને શહેરમાં રોન ફરતી જાગો ! જાગો ! એવા પોકાર કરી રહી છે.

રોન ફરવા નીકળેલ પોલીસ ગેમલજી તથા જેમલજી રોન ફરતા ફરતા સલાટ શેરીમાં આવતા એક મકાનના દરવાજાના કમાડ ખુલ્લાં જોવામાં આવ્યા તેથી ઘરના માલીકને બુમ મારી જગાડતાં ઘરના પાછળના ભાગેથી કોઇ માણસ નાસતો ગેમલજીના જોવામાં આવ્યો, એટલે ગેમલજીએ પોતા પાસેની ભરેલી બંદુક તે નાસનાર તરફ તાકી. ઉભો રહેવા કહેવા છતાં તે માણસ નાસવા લાગ્યો. નાસનાર હરામ-ખોર હોવા બાબત ગેમલજીને શક આવતાં ચોર ! ચોર ! પકડો! પકડો!

એવી બુમો નાંખતો ગેમલજી પેલા માણુસ પુઠે દોડતાં મોહલ્લામાં ચોરની બુમ થવાથી મોહાલ્લાના બધા માણસો જાગી ઉઠી આખા મહોલ્લામાં હો હા થઇ રહી.

ચોર ! ચોર ! પકડો ! પકડો ! એવી બુમ સાંભળી સામેનો ટારનવાળો પોલીસ રણુમલજી આસપાસ જોવા લાગતા તેના તરફ સલાટ મોહોલ્લામાંથી કોઇ માણુસ દોડતો આવતો જોવામાં આવ્યો એટલે રણુમલજીએ પોતા પાસેની બંદુક ઉચકી પેલા દોડી આવનાર માણુસ તરફ તાકી અને કોણુ આવે છે ? એમ પુછતાં, રૈયત ! એવો જવાબ આપવાથી તે માણસને પોતા પાસે બોલાવ્યો, અને ખાત્રી કરવા માટે રણુમલજીએ દીવાસળીની બાકસ કાઢી દીવાસળી ખેચતાં પેલા માણુસે તેના પાસે કપડાંમાં બાંધેલી ધુળ રણુમલજીના મોં ઉપર ફેંકી ધુળ આંખમાં પડવાથી રણુમલજી આંખો ચોળવા લાગતાં પેલો માણુસ તેના રસ્તે ચાલ પડયો.

નાઠેલા માણુસ પાછળ દોડી આવનાર ગેમલજીએ ઉભા રહેવા કહેવા છતાં અગાડી નહાસી જનાર માણુસ ઉભો ન રહેવાથી તેના તરફ પોતા પાસેની બંદુકનો અવાજ કર્યો. તે બંદુક ટારનવાળો સીપાઈ રણુમલજી જે આંખો ચોળતો ઉભો હતો તેને વાગવાથી " એ તો હું રણુમલજી, મને બંદુક કોણે મારી ? એમ કહી રણુમલજી જમીન ઉપર પડતાં, પોતાના જ બેડાના માણુસને વાગવાનું ગેમલજીને જણાવાથી બ્હીકના લીધે ગેમલજી, રણુમલજી પાસે પણ ન આવતાં તે પણ બારોબાર છ પાંચ ગણી ગયો.

ચોરની બુમ આખા શહેરમાં ફેલાયાથી ફોજદાર હબીબુલાખાંને પણ પોલીસ થાણામાં જાણુ થતાં, તુરતજ હબીબુલાખાં ગુન્હાવાળી

જગોએ આવી પહોંચ્યો અને ત્યાં હાજર પોલીસ જેમલજી વિગેરેને પુછપાછ કરી ગુન્હાની જગો જોઇ તો ગુન્હો કરવાની રીત ઉપરથી તે ગુન્હો બહાદુરપુરના બદમાસ ભીલ બટુકજી ખુમાજીએ કરી જવાનું અનુમાન ફોજદારે બાંધી તે સંબંધમાં પોતાના માણસો સાથે વાતચીત કરવા લાગ્યો. આ વખતે નુકસાનદાર ત્યાં હાજર હોવાથી તેને હબીબુલાખાં ફોજદારે પુછપાછ કરી. જુબાની લેતાં નુકશાનદારે પોતાનું નામ ઢોલકસા તથા બાપનું નામ પોકળસા કહી જણાવ્યું કે:

આજે પહેલી રાત્રે હું મારા મકાનના તમામ બારીબારણાં બંધ કરી સુતેલો હતો ત્યારબાદ કોઈ હરામખોરે મારા મકાનમાં પ્રવેશ કરી મારી પેટીમાંથી રૂપીયા ૨૦૦૦ ની નોટો તથા એક કપડાની પોટલી જેમાં રામકૃષ્ણ મીલનો દસવાર લાલકેરી ભાતની કીનારનો નવો ધોતી જોટો હતો તે ચોરી કરી નહાસી ગએલ છે. આ ચોરી કરનાર બહાદુરપુરનો ભીલ્લ બટુકજી ખુમાજી હોવા બદલ મારો શક છે તેમ તેને ચોરી કરી નહાસી જતા મારા નોકર રાયલા કોયલાએ નજરે જોએલ છે બધી નોટોના નંબર મારા પાસે નથી પણ મુંબઇની રૂપીયા સોની નોટનો એક કકડો મેં મારા આડતીયા રામદાસ કીસનદાસને શ્રીરામપુર બીડેલ છે તેમાંનો અડધો કકડો નંબર ૪૪૪૪ નો મેં પાછળથી પોહોંચ આવેથી બીડવા મારા પાસે રાખેલ તે કકડો પણ આ નોટો સાથે હરામખોર લેઈ ગએલ છે.

એ પ્રમાણે કહી જુબાની આપતા, તેના નોકર રાયલાને બોલાવી લાવવા ફોજદારે કહેવાથી ઢોલકસાએ રાયલાને લાવી ફોજદાર પાસે રજુ કર્યો તેને ફોજદારે પુછયું તો પોતાનુ નામ રાયલા કોયલા કહી જણાવ્યું કે.

હું ઢોલકસા શેઠને ત્યાં નોકર છું. ગઇ રાતે હું ઢોલકસા શેઠના ઘરના પાછલે બારણે સુતો હતો તેવામાં ચોરની બુમ ઉપરથી હું જાગ્યો

તો શેઠના ઘરમાંથી એક પોટલા સાથે બહાદુરપુરનો ભીલ બદુકજી ખુમાજી નીકળી મારા પાસે થઈ દોડતો નાસી જતાં તેને મેં મારી નજરે જોયેલ છે અને તેને મેં બરોબર ઓળખેલ છે તે બહાદુરપુરનો ભીલ બદુકજી ખુમાજી પોતે હતો.

તે ઉપરથી તેની નોંધ કરી લઈ હવાલદારે ગુન્હાવાળી જગો પંચ સમક્ષ જોઇ તો ફરીઆદીના ચોકમાં તાજા પગલા પડેલા જોવામાં આવ્યા. પગનું માપ લેતાં પંદર આંગળ જણાયું તેમ ડાબા પગના અંગુઠા પાસેની આંગળી બહુજ ટુંકી જોવામાં આવી તે બદલ પંચ ગડબડશા ઓઘડશા વીગેરે રૂબરૂનું પંચાતનામું કરી લેવામાં આવ્યું.

રણમલજી પડેલ જગોએ ફોજદાર હવાલદારખાં આવી, તેને ગોળી કોણે મારી, આંખમાં ધુળ કોણે નાંખી તેમ નાસી જનાર કોણ? તે બાબત રણમલજીને પુછ્યું તો તે બહાદુરપુરનો ભીલ બદમાશ બદુકજી ખુમાજી હોવાનું રણમલજીએ કહેતાં તે બદલ નોંધ લઈ રણમલજીના શરીરનો તથા પડેલ જગાનો પંચક્યાસ કરવામાં આવ્યો હતો.

માણસ બહુ આવર જાવર થવાથી પગલાં ચોકખા માપ લેવા જેવાં ઓળખી શકાતાં નથી. એક ખુલ્લું પગલું રણમલજી પડેલ છે તેની બાજુ જોવામાં આવે છે તેનું માપ બાર આંગળ છે તેના જમણા પગમાંના અંગુઠે કરડો પહેરેલ હોય એવું નીશાન પગલામાં પડેલું છે. પણ તે પગલું હરામખોરનું હશે કે કેમ? તે ચોકસ કહી શકાય નહિ કેમકે તેવું બીજું પગલું આસપાસ તપાસ કરવા છતાં બીજે કયાંઈ

પણ જણાઇ આવતું નથી. રણુમલજીને ઇજા બંદુકનો છરો વાગી થએલ છતાં આરામ થવાને ત્રણુ અઠવાડિયા લાગસે. એવો અભિપ્રાય પંચ લખા ભુલા વીગેરેએ આપતાં તે પ્રમાણે પંચાતનામું લખી લેઇ રણુમલજીને સારવાર થવા તથા ઇજા માટે તપાસ થઈ અભિપ્રાય આપવા ફોજદાર હબીબુલાખાંએ લખાણ સાથે વૈદકીય અમલદાર તરફ મોકલી આપ્યો.

રણુમલજીની આંખમાં ધુળ નાંખી નહાસી જનાર પેલો માણુસ આગળ જતાં તેને સાંમેથી રોન આવતી મળી, કે તુર્ત પેલા માણુસે રબારીની પેઠે માથા ઉપર કપડું લપેટયું અને ખાંધ ઉપર ઢોલકસા શેઠને ત્યાંથી લાવેલ કપડાનું પોટલું મુકી રોનવાળા પોલીસ સામે આવતાં.

પોલીસ.—ખડેરો? કોન આતા હે?

જવાબ.—એ તો હું રેબારી શું! માબાપ!

પોલીસ.—ઇધર આ? સાલે! ઇસ વકત કહાં જાતે?

જવાબ.—(નજીક આવીને) સલામ, જમાદાર બાપુ, અમારૂ બાકરાનું વાઘ ગામના સેમાડે બેઠુંસે તાં દહબાર કોળસા, બધુંકડીયું અને તરવાડીયું લેઈ આવી અમોને મારી અમારાં બાકરાં લેઈ જાયસે, માટે ફરીઆદ કરવા જાઉસું ફુલીસ સાયબ કાં હો હે? જમાદાર?।

પોલીસ.—વો તીન ફનુસ દીખાતા હે વહાં તેરા બાપ પોલીસ સાબ સોતે હે, ઉસકી પાસ જાકર ફરીઆદ કર, સાલે! ઇસિ વકત રાતકું બંદુકા ઓર તલવારા લે કે આયેલે બદમાસો કે પાસ પોલીસ સાબ મરનેકું આનેકા કયા? સાલે? ચલેજા યહાસે!

જવાબ.—ઠીક, બાપા! રામ! રામ! જાઉંસું!

એમ કહી તે માણુસ ત્રણુ ફાનસ તરફ ચાલતો થતા રોનવાળ જાગો? જાગો? પુકાર કરતા શહેરમાં ફરવા ચાલ્યા ગયા.

બહાદુરપુરના ભીલ બટુકજી ખુમાજી વિરૂદ્ધ દર્સનીક પુરાવો થવાથી ફોજદાર હમીદુલ્લાખાં ફરીઆદી ઢોલકશા સાથે બહાદુરપુર બદમાશ બટુકજીની છાપરીએ આવતાં બટુકજી ગેરહાજર જણાયો તેની છાપરીની ઝડતી લેતાં છાપરીમાંની જુવાર ભરેલી કોઠી અંદરથી એક નવો ધોતી જોટો પીટીટ મીલનો વાર દશ લાલ કેરી ભાતની કીનારનો મળી આવ્યો જે ફરીઆદી પાસે પોલીસે ઓળખ કરાવતા ફરીઆદીએ ઓળખવાથી પોલીસ તાબે લેવામાં આવ્યો. બીજો કશો મુદેમાલ મળી આવ્યો નહિ તેથી મુદેમાલ વગે કરવા બટુકજી ખુમાજી બહારગામ જવાનો ફોજદાર હમીદુલ્લાખાંને પાકો શક આવવાથી તેને પકડી લાવવા ચોતરફ પોલીસ માણુસો દોડાવવામાં આવ્યા. દરમ્યાન,

બદમાશ બટુકજી ખુમાજી પોતે આવી હાજર થયો; તેને ફોજદારે ઢોલકશાની ચોરી બાબત પુછપાછ કરતાં તે ઇનકાર જવાથી તેના વિરૂદ્ધ પડેલ પુરાવો તથા મળી આવેલ મુદેમાલ માટે ફોજદારે લંબાણુથી ભાષણુ આપી સમજાવતાં બદમાશ બટુકજી ખુમાજી તુર્ત ગુન્હો કબુલ થઇ હવે આ વખતે પોતાનો કોઇપણુ રીતે બચાવ કરવા તે ફોજદાર પાસે ઘણાં ઘણાં કાલાવાલા કરવા લાગ્યો તેથી, ફોજદારે બદમાશ બટુકજીને કહ્યું કે, માજીસ્ટ્રેટ મારા સગા થાય છે. તેથી તારો બચાવ કરવા હું બનતો પ્રયત્ન કરીશ. એટલું બોલી બટુકજી ખુમાજીને પોલીશ અટકમાં લીધો.

અને બાકીના મુદ્દામાલ માટે પુછપરછ કરતાં બીજો મુદ્દામાલ પોલીસ પાછળ પડવાથી રસ્તામાં પડી ગયો એમ કહી મુદ્દામાલ માટે બદમાશ બટુકજીએ કશો પતો બતાવ્યો નહી પરંતુ તે પોતે ગુન્હાને કબુલ હોવાથી બીજા મુદ્દામાલ માટે દરકાર ન કરતાં ફોજદાર હબીબુલાખાંએ બદમાશ બટુકજી ખુમાજીને કબુલત જવાબ થવા માજીસ્ટ્રેટ તરફ મોકલી આપ્યો.

થર્ડ કલાસ માજીસ્ટ્રેટ પાસે બંધવો બદમાશ બટુકજી ખુમાજી આવી હાજર થતાં માજીસ્ટ્રેટે તેનો જવાબ લેવો સરૂ કરતાં

સવાલ—તમારૂં નામ શું ?

જવાબ—બટુકજી.

સવાલ—તમારા બાપનુ નામ શું ?

જવાબ—ખુમાજી

સવાલ—તમારી જાત શી ?

જવાબ—ભીલ્લ ઠાકરડા

સવાલ—તમારી ઉમર કેટલી

જવાબ—પચીશ વર્ષની

સવાલ—ધંધો શું

જવાબ—ખેતી

સવાલ—રહેવાસી કયાંના

જવાબ—બહાદુરપુર તાબે શરદારગંજ

સવાલ—હાલ તમે અહીં કોના પહેરામાં છો ?

જવાબ—માજીસ્ટ્રેટ કોર્ટના પટાવાળાના

સવાલ—તમને પોલીસની બ્હીક છે ? તમને પોલીસે કંઈ માર મારવું કરેલ છે ? અગર કબુલત કરવા ગેરવાજબી લાલચ કે ધમકી વચન વીગેરે આપેલાં છે ?

જવાબ—જી ના ? બીલકુલ નહી !

સવાલ—તમે જે અહીં કોર્ટ રૂબરૂ કબુલ કરશો તે તમારા વિરૂદ્ધ ચાલતા કામમાં વપરાશે માટે તમે ખુશીથી શું કહેવા માંગો છો ?

જવાબ—મેં ઢોલકસા શેઠની ચોરી કરી છે એ કહેવા માંગુ છું.

સવાલ—મુદ્દેમાલમાં આવેલ આ ધોતી જોટો તમારા કબજામાંથી મળેલો છે ?

જવાબ—જી હા ! આ ધોતી જોટો હું પોતેજ લેઈ જઇ મેંજ મારી જુવારની કોઠીમાં રાખેલ હતો.

સવાલ—આ સિવાય હવે વધારે કંઇ કહેવાનું છે ?

જવાબ—જી, ના સાહેબ

એ પ્રમાણે જવાબ આપતાં સંતોષથી કબુલત કરવાનું કોર્ટને જણાતાં કબુલત જવાબ લખી લેઈ લીધેલ કબુલત નીચે બટુકજી ખુમાજી પોતે ભણેલ હોવાથી તેની સહી કરાવી અને આરોપી બટુકજી ખુમાજીને વારંટ સાથે જેલમાં મોકલી કેશ કમીટ કરવા પોલીસને હુકમ આપ્યો.

બદમાસ બટુકજી ખુમાજીએ પોતે ચોરી કરવાની કબુલત કર્યા ના ખબર ફોજદાર હબીબુલાખાંને મળતાં તે બહુ બહુ ખુશ થવા સાથ પોતે તર્કસકતી વાપરી જમાવેલ પટીથી બદમાશ બટુકજી જેવો મસાફર બદમાશે પણ કબુલત કર્યા પોતાના તાબાના લોકો સાથે મશ-રૂરીથી વાતો કરતાં કેસમાં પુરતો પુરાવો હોવાથી ચાર્જ સીટ ભરી ફોજદાર હબીબુલાખાંએ બદમાશ બટુકજી ખુમાજી ઉપર કેસ કમીટ કર્યો અને નીમેલી મુદતે દરકારી લોકોએ કોર્ટમાં હાજર રહેવા જે તે સાહેદોને ખબર આપી.

કેસ ચાલવાની તારીખે કેશ જોવા માટે ગામ લોક તથા સહેર પોલીસ પણ કોર્ટના મકાનમાં આવી જમા થવા લાગતાં કોર્ટનું મકાન ચીકાર ભરાઈ ગયું. કોર્ટ બોર્ડ ઉપર આવી બેસતાં કેશ ચાલવાની શરૂઆત પ્રથમ ફરીઆદીને પોકાર પાડી બોલાવી કરવામાં આવી.

સેકન્ડ ક્લાસ માજીસ્ટ્રેટ કોર્ટ રૂબરૂ—પ્રતિજ્ઞા ઉપર લખાતું છું કે

મારૂં નામ—ઢોલકસા

મારા બાપનું નામ—પોળકસા

મારી જાત—વાણિયા

મારી ઉમર—વર્ષ ૬૦ ની

મારો ધંધો—વેપાર તથા ધીરધાર

હું રહેવાસી—સરદાર ગંજનો

સવાલ—તમારી ફરીઆદ સી છે?

જવાબ—મારા ઘરમાં રાતના વખતે દાખલ થઈ રૂપીયા બે હજારની નોટો તથા રામકૃષ્ણ મીલનો વાર દસનો લાલકેરી ભાતની કીનારનો ધોતી જોટો તથા બીજા કપડાં પોટલીમાં હતાં તેની ચોરી થયા બાબત મારી ફરીઆદ છે.

સવાલ—તમારી ચોરી કોણે કરી તે તમે જાણો છો ?

જવાબ—હાજતો ! બહાદુરપુરના ભીલ્લ બટુકજી ખુમાજીએ

સવાલ—મુદ્દામાલમાં પકડાઇ આવેલ આ ધોતી જોટો કોનો છે વારૂ ?

જવાબ—આ ધોતી જોટો મારો પોતાનોજ છતાં તે, મને પોલીસે ઓળખવા કહેતાં મે ઓળખી બતાવેલ છે.

સવાલ—આ પીંજરામાં ઉભેલ આરોપીને તમે ઓળખો છો ?

જવાબ—જી ! ના સાહેબ

સવાલ—તે પોતેજ બહાદુરપુરનો ભીલ્લ બટુકજી ખુમાજી છતાં તેણે તમારે ત્યાં ચોરી કરવાથી પોલીસે તેને પકડી અહીં ઇનસાફ થવાનો કહેલ છે, તો તમે કહો છો, તે, બટુકજી ખુમાજી બીજો છે વારૂ ?

જવાબ—જી હા, મારી ચોરી કરનાર બટુકજી ખુમાજી તો બીજોજ છે, આ નહીં,

આરોપીને ઉલટ તપાસ કરવા કોર્ટથી કહેવામા આવતાં

સવાલ—તમે જે ધોતી જોટો ઓળખ્યો તે કોની છાપરીમાંથી મલી આવ્યો છે શેઠ ?

જવાબ—બટુકજી ખુમાજીની છાપરીમાંથી.

સવાલ—તે બટુકજી ખુમાજીની છાપરી હતી એમ તમે શા ઉપરથી કહો છો ?

જવાબ—પોલીસના કહેવા ઉપરથી,

સવાલ—પ્રથમ કોઇ વખત તે છાપરી તમે જોએલ ખરી કે ?

જવાબ—બીલકુલ નહી ? મે બહાદુરપુર ગામજ મ્હારી આટલી ઉમરમાં આ પહેલીજ વખત જોયું તો પછી છાપરી પ્રથમ કયાંથી જોઇ હોય વારૂ.

સવાલ—તમારો ધોતી જોટો રામકૃષ્ણ મીલનો હોવાનુ તમે લખાવો છો અને આ જોટો તો પીટીટ મીલનો છે તેનુ શું ?

જવાબ—તેનું કંઇ નહી ? નામફેર થયું એમા શું બગડી ગયું તે તુંજ કહેને.

એટલું પુછી આરોપીએ સવાલ પુછવા બંધ કરતાં બીજા સાહેદને બોલાવી પુછતાં.

સે. ક. મા. રૂબરૂ કોર્ટ—પ્રતિજ્ઞા ઉપર લખાવું છું કે.

મારૂં નામ—રાયલો

મારા બાપનું નામ—કોચલો

મારી જાત—ભીલ્લ

મારી ઉમર—વર્ષ ૬૨ આસરે

મારો ધંધો—નોકરી. સાથીપણાનો.

હું રહેવાસી—સરદાર ગંજનો

સવાલ—ઢોલકસા સેઠને ત્યાં ચોરી થઇ તેમાં તું કંઇ જાણે છે કે ?

જવાબ—હોવે, બધુંએ, તે ચોરી બાહાદુરના ભીલ્લ બરુકજી ખુમાજી એ કરી છે અને તેને શેઠના ઘરમાંથી ચોરી કરી નહાશી જતાં મે નજરો નજર જોયો છે અને ઓળખેલ પણ છે.

સવાલ—ચોરી કરી નહાસી જનાર બટુકજી ખુમાજી આ પીંજરામ ઉભેલો છે તેજ હતો કે?

જવાબ—ના! ના! એ નહી, એને તો હું ઓળખતો પણ નથી. આરોપી તરફે સવાલ ન હોવાથી સાહેદની જુબાની પુરી કરી બીજા સાહેદને બોલાવી પુછતાં.

સે. ક. મા. કોર્ટ ના રૂબરૂ—પ્રતિજ્ઞા ઉપર લખાવું છું કે.

મારૂં નામ—રણુમલજી

મારા બાપનું નામ—ગુલાબસીંહ

મારી જાત—રજપુત રાઠોડ

મારી ઉમર—વર્ષ ૪૦ આશરે

મારો ધંધો—નોકરી પોલીસમાં

હું રહેવાસી—હાલ સરદારગંજનો

સવાલ—ઢોલકસા ફરીઆદીને ત્યાં જે રાત્રે ચોરી થઇ તે રાત્રે તમારી નોકરી કયાં હતી?

જવાબ—સલાટ નાકે

સવાલ—ચોરની બુમ થતાં તમારા તરફ કોઇ માણસ દોડતો આવી તમોને મળેલો કે!

જવાબ—હાજી! આ પીંજરામાં ઉભેલ બટુકજી ખુમાજી દોડતો આવતા મને મળેલ હતો. તેને રોકી ખાત્રી કરવા સારૂ મે દીવાસળી ખેંચતાં તે મારી આંખમાં ધુળ નાંખી નહાસી ગયો હતો, અને પછી તેણેજ બંદુકનો અવાજ કરતાં, મને છરો વાગેલો છે.

સવાલ—તમે જોયો ત્યારે તેના પાસે શું હતું વારૂ?

જવાબ—તેના પાસે એક પોટલું હતું.

આરોપીના ઉલટ તપાસમાં

સવાલ--તમે મને પ્રથમથી ઓળખો છો ખરા કે?

જવાબ--હાજ તો! તું તો મસહુર બદમાશ છે અને અહીં શહેરમાં આવી હમેશાં ચોરી કરી જઇ પોલીસને ત્રાસ આપતો હોવાથી હું તો શું? પણ આખા શહેરની પોલીસ તને ઓળખે છે. તો હું કેમ ન ઓળખું!

સવાલ--જ્યારે તમે મને ઓળખતાજ હતા તો પછી દીવાસળી એંચી મારૂં મ્હો જોવા શું કારણ હતું જમાદાર!

જવાબ--ફકત ખાત્રી કરવા સારૂં.

સવાલ--જ્યારે મારા પાસે તમે પોટલુંજ જોયેલું તો પછી મે તમને બંદુક ક્યાંથી મારી હશે?

જવાબ--અગાડી કોઇ પાસેથી બંદુક લેઇ મારેલ હશે કેમકે બંદુકનો અવાજ જે તરફ તું નાઠો તે તરફથી થયો હતો.

એટલું પુછી ઉળટ તપાસ બંદ કરવાથી બીજા સાહેદને બોલાવી પુછતાં.

સે. ક. મા. કોર્ટ રૂબરૂ--પ્રતિજ્ઞા ઉપર લખાવું છું કે

મારૂ નામ--તાડબડસા ગડબડશ

મારા બાપનુ નામ—ઓધડસા

મારી જાત—વાણીયા

મારી ઉમર—વર્ષ ૯૦ આશરે

મારો ધંધો—વેપાર

હું રહેવાસી—સરદાર ગંજનો

સવાલ–તમે ઢોલકસા શેઠને ત્યાં ચોરી થઇ તે બાબત પંચમાં ગયા હતા?

જવાબ—હા હું ગયો હતો.

સવાલ—સાનો પંચક્યાસ કર્યો હતો.

જવાબ—તે બાબત લખાવેલ છે. ને તે નીચે મેં સહી પણ કરી આપેલ છે.

સવાલ—(વાંચી બતાવી) આ પંચ ક્યાસ તમે લખાવેલ છે? આ સહી તમારી છે?

જવાબ—હા સાહેબ.

આરોપીની ઉલટ તપાસમાં

સવાલ—તમે મને ઓળખો છો?

જવાબ—બીલકુલ નહી, તને તો મે જોયોજ અત્યારે.

સવાલ--તમે જે પગલાના માપ લઈ ઓઠા લીધેલ તે મારા પગના સાથે મેળવેલ ખરાં કે?

જવાબ---ના.

સવાલ---ત્યારે હવે મારા પગ સાથે ઓઠામેળવી મારા ડાબા પગના અંગુઠા પાસેની આંગળી ઘણી ટુંકી છે કે કેમ? તે જોઇ કહો જોઇએ શેઠ?

જવાબ--આ ઓઠા તારાં પગના નથી તેમ તારો પગ જોતાં ડાબા પગના અંગુઠા પાસેની આંગળી પણ ટુંકી જણાતી નથી એ પ્રમાણે પુછવામાં આવી જુબાની પુરી થતાં બીજા સાહેદને બોલાવી, પુછવામાં આવ્યું તો.

સે. ક. મા. કોર્ટ રૂબરૂ—પ્રતિજ્ઞા ઉપર લખાવું છું કે.

મારૂ નામ—લખો

મારા બાપનું નામ—ભુલો

મારી જાત—વાણીયાની

મારી ઉમર—વર્ષ ૬૦ ની

મારો ધંધો—વેપાર

હું રહેવાસી—સરદાર ગંજનો.

સવાલ—તમે પોલીસ રણમલજીને હરામખોરે બંદુકનો છરો મારી ઇજા કરેલ તે બાબત રણમલજીના શરીરનો પંચકયાશ પોલીસ રૂબરૂ થયો તેમા પંચ હતા કે?

જવાબ—હા સાયબ

સવાલ—આ પંચકયાસ તમારો લખાવેલ છતાં તે નીચે તમે સહી કરી છે?

જવાબ—(જોઇને) હા! સાયબ,

આરોપીની ઉલટ તપાસમાં

સવાલ—તમે જે ઇજા જોઈ પંચકયાસમાં અભિપ્રાય લખાવેલ છે એવી ઇજા બાબતના પ્રથમ કોઇ વખત પંચમાં ગએલા ખરા કે?

જવાબ—હાવે! ઘણી વખત? હું તો પોલીસ જમોદી છું અને પોલીસ લાઇન સામેજ મારી દુકાન છે, તેથી વારંવાર મનેજ પોલીસ પંચમાં બોલાવી જાય છે.

સવાલ—તમે આરામ થવા ત્રણ અઠવાડીયાં લાગશે એવો અભીપ્રાય સા ઉપરથી આપેલો છે?

જવાબ—ચ્યમ! ફોજદાર સાયબના કહેવા ઉપરથી.

સવાલ—અઠવાડીયું કેટલા દહાડાનું થતું હશે વારૂ?

જવાબ—આઠ દહાડાનું અઠવાડીયું અને ત્રણ અઠવાડીઆ એટલે ચોવીશ દહાડા.

સવાલ—તમે છરો કોઇ વખત જોયેલ છે ખરો કે!

જવાબ—હ્યમ! ઘણી વખત.

સવાલ—છરો સાનો થાય? અને તે કહેવો હોય વારૂં!

જવાબ—છરો લોઢાનો થાય અને તે (કોણીથી હાથ ઉચો કરી બતાવી) આવડો હોય.

સવાલ—છરી મારવાથી કાણું પડે કે શરીર કપાય?

જવાબ—અણી મારે તો કાણું પડે અને આડો મારે તો શરીર કપાય.

સવાલ—રણમલજીને જે છરો વાગેલ તે લોઢાનો હશે કે સીશાનો તે તમે કહી શકો ખરા કે?

જવાબ—તે તો પોલીસવાળા જાણે

સવાલ—તો પછી તમે પંચક્યાસ સાનો લખાવ્યો?

જવાબ—હ્યમ? પોલીસે પંચક્યાસ લખી વાંચી અમને બતાવ્યો અને તે નીચે અમે સહી કરી આપી.

સવાલ—પંચક્યાસ લખી પોલીસે વાંચી સંભળાવેલ કે વાંચી બતાવેલ?

જવાબ—અમે બેઠા હતા અને પોલીસે લખી પંચક્યાસ વાંચી જોયો, અને અમને બતાવી સહી કરવા કહેતાં સહી કરી આપી એટલે પોલીસે વાંચ્યો અને અમે સાંભળ્યોજ કહેવાયના.

એ પ્રમાણે આરોપી તરફે સવાલ પુછવામાં આવી ઉલટ તપાસ પુરી થતાં વૈદકીય અમલદાર તરફથી રણુમલજીને વાગેલ માર બાબત આપેલ અભિપ્રાય વંચાણમાં લઇ કામમાં રાખવા બાદ કોર્ટે આરોપી બદુકજી ખુમાજીનો જવાબ લેવો સરૂ કર્યો.

સે. ક. મા. કોર્ટ રૂબરૂ.

સવાલ—તમારૂ નામ શું છે ?

જવાબ—બદુકજી

સવાલ—તમારા બાપનું નામ !

જવાબ—ખુમાજી

સવાલ—તમારી જાત શી છે ?

જવાબ—ભીલ્લ ઠાકરડા

સવાલ—તમારી ઉમર કેટલી ?

જવાબ—વર્ષ ૨૫ આશરે છે

સવાલ—તમો ધંધો શું કરો છો ?

જવાબ—ખેતી

સવાલ—તમો રહેવાશી કયાંના છો ?

જવાબ—બહાદુરપુર તાબે સરદારગંજનો

સવાલ—તમે ફરીઆદી ઢોલકશા પોકલશાને ત્યાં રાત્રે ગુપ્ત ગૃહ પ્રવેશ કરી નોટો રૂપીઆ બે હજારની તથા ધોતી જોટો વગેરે કપડાં ચોર્યા છે તે બાબત તમારૂં શું કહેવું છે ?

જવાબ—મેં ચોરી કરી નથી. તેમાં હું કશુ પણ જાણતો નથી.

સવાલ—તમારી કોડીમાંથી મળી આવેલ ધોતી જોટો કોનો છે વારૂ ?

જવાબ—તે ધોતી જોટા મારો પોતાનો છે. અને તે મેં સરદાર-ગંજ શહેરના શેઠ હજારીમલ પુંજીલાલને ત્યાંથી વેચાતી લીધેલ છે. તે બાબત મારૂં ખાતું પણ તેની દુકાને છે.

સવાલ--તમે પ્રથમ કબુલત કરી તેમાં ચોરી કર્યાનો અંગીકાર કર્યો છે તે કબુલત તમોને વાંચી બતાવવામાં આવે છે. તે માટે તમો શું કહેવા માગો છો ?

જવાબ--(કબુલત વાંચી સાંભળી બાદ) આ મારી કબુલત નથી કેમકે જુઓ તે નીચે મારી સહી છે તેમાં "ઠા. બટુકજી ખુમાજીની સહી કબુલ નહી " એવુ મેં લખેલું છે.

તે ઉપરથી કબુલત નીચે સહી વંચાવતા તે પ્રમાણે કોર્ટને કબુલત અપાયલી જણાઈ આવી એટલે કોર્ટ તરફથી હજારીમલ પુંજીલાલને બોલાવી ધોતી જોટા બતાવી પુછવામાં આવ્યું તો તેણે તે પોતે વેચાણ આપવાનું કહ્યું અને તે ધોતી જોટા ઉપર પોતાની દુકાનનો માર્કો બતાવ્યો એટલુંજ નહી પણ બટુકજી ખુમાજીનું મુદ્દાના ધોતી જોટા માટેનું ખાતું પણ કોર્ટમાં રજુ કરવાથી કોર્ટ ગુંચવાડામાં પડી અને આ કેસમાં ખરો પ્રકાર સો હસે તે બદલ કેટલોક વખત વીચાર કરવા બાદ કોર્ટે એવા નિર્ણય ઉપર આવી ઠરાવ આપ્યો કે;

" પોલીસ તપાસ બીલકુલ ખાત્રીવાળો છે, આરોપીને ઢોલકસા તથા રાયલાને બતાવવા અને તેજ આરોપી હતો એ માટે ખાત્રી કરી લેવા પોલીસ તરફથી કંઇ પણ તજવીજ કરવામાં આવેલી નથી. પગલાનું લીધેલ માપ આરોપીના પગલા સાથે મેળવેલું નથી. મુદ્દેમાલનો ધોતી

જોટો જ્યારે મીલ ફેરનો હતો તો પછી તે જોટો કોનો છે ? આરોપી ક્યાંથી લાવ્યો તેની તપાસ થઇ નથી પંચમા પણ લખા ભુલા જેવા ડોઢ ડાહ્યા અજ્ઞાત અને પોલીસ સાથે અંગત સંબંધ બતાવનાર માણસ રાખવાથી આ કેસમાં પોલીસ ખટપટ હોવાનું કોર્ટને સંકા લેવા કારણ મળેલું છે. આરોપીએ કબુલત નીચે "કબુલ નહી" એવું લખેલ તે પણ પોલીશે કાળજી પુર્વક તપાસ નહી રાખવાનુ પરીણામ માની શકાય.

આરોપીએ પોતાનો બચાવ પોલીસ કાગળો તથા પ્રોશીક્યુસનના સાહેદોથીજ બતાવી આપેલ છે તેથી તેને સકનો લાભ આપી છોડી મુકવામાં આવે છે. પરંતુ આ કેસમાં જાદે તપાસ ચલાવી પુરતા પુરાવાથી ગુનેહગારને સાશન કરાવવાની તજવીજ થવા જરૂર પુરતો ઉતારો પોલીસ ખાતા તરફ મોકલવો."

એ પ્રમાણે કોર્ટે ઠરાવ વાંચી સંભળાવતાં બદમાસ બટુકજી ખુમાજીને છોડી મુકવાથી બદમાસ બટુકજી મુછો ઉપર હાથ ફેરવતો કોર્ટમાં કેસ જોવા થયેલા માણસો તથા પોલીસને રામ રામ કરતો ચાલતો થયો. અને ફોજદાર હબીબુલાખાં પણ બીલકુલ ઠંડા ગાર થઇ વીચાર કરતાં કોર્ટમાંથી ઉઠી ચાલ પડયા અને કોર્ટ બરખાસ્ત થઇ.

કોર્ટ તરફથી ઠરાવનો ફકરો પોલીસ ખાતામાં આવવાથી આ ગુન્હાના ચોર માલનો પતો મેળવવા ડીટેકટીવ બાબુ બીપીનચંદ્રને હુકમ આપવામાં આવવાથી બાબુ બીપીનચંદ્રે બદમાસ બટુકજી ખુમાજી

વિરૂધ્ધ ચાલેલ કેસના તમામ કાગળો વાંચી, પ્રથમ જોઇએ તે માહીતી મેળવી લીધી અને ત્યાર બાદ ગુપ્ત તપાસ ચલાવતાં એવું જણાયું કે

બહાદુરપુર ગામમાં બીજો બીલ બટુકજી ખુમાજી નામનો છે તેને અને ફરીઆદી ઢોલકસાને લેણુ દેણુ છતાં ગુન્હાની આગલી સાંજરે ફરીઆદીના ઘેર ચોકમાં તકરાર થઈ હતી. આ તકરાર થતી વખતે બદમાસ બટુકજી ખુમાજી ત્યાં આવેલ અને તેણે ઢોલકસા તથા બટુકજીને તકરાર કરતાં જુદા પાડી બટુકજીને બદમાસ બટુકજી બહાદુર-પુર તેડી ગયો હતો. જતી વખતે બટુકજીએ પોતાના લેણદાર ઢોલકસાને નુકસાન કરવાની ધમકી આપેલ હતી અને તેજ રાત્રે ઢોલકસાને ત્યાં ચોરી થઈ હતી.

ફરીઆદીના ઘરના ચોકમાં પડેલ પગલા બીજા બટુકજી નામના માણસના હતા. રણમલજી પડેલ ત્યાં આગળ જે એક પગલું જોવામા આવેલ તે બદમાસ બટુકજીનું હતું. બદમાસ બટુકજી હમેસ શહેરમા ચોરી કરવા આવી પોલીસને પજવતો હોવાથી ફોજદારે તેનો સક લેતા ફરીઆદીએ પણ ફોજદારે લીધેલ નામ પ્રમાણેજ સક બતાવ્યો અને સાહેદ શાપલા પાસે નામ લેવડાવ્યું તેમજ બદમાસ બટુકજીએ પણ પોતા વિરૂદ્ધ પુરવાર ન થવા જેવું જાણી પોલીસને ભમાવવા ખાતર ગુન્હો કબુલ કરેલો હતો તે ઉપરથી આ ગુન્હો બદમાસ બટુકજીએજ કરવાની પુર્ણ ખાત્રી થવાથી બાબુ બીપીનચંદ્ર હવે ફકત મુદ્દેમાલ મેળવી બદમાસ બટુકજીને સીક્ષાએ પોહોંચાડવા બારીક તપાસ ચાલુ રાખી આસપાસ ગામડામાં ફરવા લાગ્યો, પરંતુ મુદ્દેમાલ માટે કશી પણ બાતમી તેને મળી સકી નહી.

બદમાસ બટુકજી ખુમાજી પોતે પકડાએલ ગુન્હામાંથી છુટી આવતાં ગુન્હો કરી મેળવેલ પૈસા ઉડાવી મોજ સોખ કરવા લાગ્યો એક રોજ બટુકજીનો એક જીગરજાન દોસ્ત રૂપસીંહજી નામનો ઠાકોર બહાદુર પુર નજીક રૂપનગરીમાં રહેતો હતો તેનો ભલામણ પત્ર લેઇ કરણસીંહ નામનો એક ઘોડાનો સોદાગર બટુકજીને ત્યાં આવ્યો, અને રૂપસીંહનો પત્ર આપતાં બટુકજીએ પોતાને ત્યાં ઉતારો કરાવી ઘણી કરીને તેની આગતા સ્વાગતા કરી એટલુંજ નહી પણ બટુકજી પોતે પેલા સોદાગર સાથે ઘોડા ખરીદવા હંમેસ આસપાસના ગામડાઓમાં જવા લાગ્યો.

એક રોજ પેલા સોદાગરને દુરના ગામે એક કીમતી ઘોડો હોવાની ખબર લાગતાં તેણે બટુકજીને કહ્યું કેઃ-

મારા પાસે હજાર રૂપીયા રોકડા છે તે તમે સંભાળી રાખો અને હું ઘોડા ખરીદવા જાઉ છું અને જો, સોદો થશે તો રૂપીઆ આવી લેઇ જઇશ નકામુ મારા સાથે જોખમ રાખવું એ મને સલામતીવાળુ જણાતુ નથી.

એમ કહી સોદાગરે રૂપીઆ આપતાં રૂપીયા ૧૦૦૦ બટુકજીએ ગણી લેઇ પોતા પાસે રાખ્યા અને પેલો સોદાગર ઘોડાના તપાસમાં બહારગામ ગયો.

થોડા દહાડા બાદ સોદાગર પાછો આવ્યો અને ઘોડાનુ સાટુ સુધર્યું નહી તેથી હવે અહીંથી બીજે ઘોડા ખરીદવા જવા ધારૂં છું માટે પેલા રૂપીયા તમોને આપેલ છે તે ૧૦૦૦ આપો એમ કહેતાં બટુકજીએ રાખેલ રૂપીઆ ૧૦૦૦ તુર્ત સોદાગરને ગણી આપતાં સોદાગરે કહ્યું કે-

મારે દુર પાસે જવાનું છે જેથી આ રૂપીયાનો ભાર ઉપાડવા કરતા જો તેની નોટો મળે તો ઘણું સારૂં ? પરંતુ અહીં ગામડામાં તો નોટો

ક્યાંથી મળી શકે ? તે પરથી, બટુકજી બોલ્યો કે હાલ મારા કપાસનુ વેચાણ થવાથી મારા પાસે નોટો આવેલી છે તે જો તમારે જોઈતી હોય તો ખુશીથી લેઇ જાઓ એમ કહી બટુકજીએ નોટો કાઢી આપતાં, હાલ તો આ રૂપીઆ તથા નોટો તમારી પાસેજ રાખો કાલે જતી વખતે નોટો લેતો જાઇસ એમ સોદાગરે કહેવાથી બટુકજીએ નોટો તથા રૂપીયા પોતા પાસે સંભાળી રાખ્યા.

બીજી સહવારે સોદાગર જવા તૈયાર થતા રૂપીયા ૧૦૦૦ની નોટો આપવા બટુકજીને કહ્યું કે તુરત બટુકજીએ પોતા પાસેની નોટોમાંથી રૂપીયા ૧૦૦૦ ની નોટો કહાડી આપી. તેટલામાં પોલીસ પાર્ટી અચાનક બટુકજીની છાપરીએ આવી પોહોંચી અને છાપરીની જડતી લીધી તો રૂપીયા ૧૦૦૦ રોકડા છાપરીમાંથી મળી આવ્યા અને પેલા સોદાગરના સામાનની પણ જડતી લેતા રૂપીયા ૧૦૦૦ ની નોટો મળી આવી જેમાં રૂપીયા સોની નોટનો કકડો નંબર ૪૪૪૪ નો પણ હસ્તગત થવાથી સોદાગરને પોલીસે મળેલ નોટો માટે દમ ભીડાવી પુછયું તો પોતે ઘોડાનો સોદાગર છે. પોતા પાસે હજાર રૂપીયા રોકડા હતા જે પોલીસે તાબે લીધા તે આપી આ નોટો પોતે બટુકજી પાસેથી લીધેલી છે તેમ બટુકજીભાઇ પણ શાહુકાર માણસ છે હજુ તેના પાસે બીજી ઘણી નોટો આ ઘોડીનુ ખોગીર છે તેમા તેણે સંભાળથી રાખેલી છે. કે કોઈ હરામી હલાલી ઉડાવી જાય નહી, એમ સોદાગરે કહેતાં પોલીસે ઘોડીનુ ખોગીર તપાસ્યું તો તેમાંથી બીજી કેટલીક નોટો મળી આવી. તેથી બદમાસ બટુકજી તથા પેલા સોદાગરને પોલીસે કેદ કરી મળી આવેલ રોકડા રૂપીયા એક હજાર તથા નોટો પણ પોલીસ તાબે લેવામાં આવી. અને દોલતશા શેઠની ચોરી કર્યા બદલના આરોપસર

બદમાસ ભીલ બટુકજી તથા સોદાગર વિરૂધ્ધ પોલીસ કેસ તૈયાર કરવા તજવીજ કરતાં.

બદમાસ બટુકજી પોતે ઢોલકશા શેઠને ત્યાં ચોરી કર્યાનું કબુલ થઈ પોતાને ત્યાં આવેલ મીજબાન સોદાગર નીર્દોષ છે. રૂા. એક હજાર રોકડા પણ તેનાજ છે, અને નોટો ફક્ત ઢોલકશા શેઠની ચોરી પૈકીની છે માટે સોદાગરને છુટો કરવા પોલીસ તપાસ કરનાર અમલદારને બહુ બહુ રીતે કાલાવાલા કરતાં છેવટ પોલીસ અમલદારે સોદાગરને છુટો કરી જવા રજા આપી અને તેના રૂપીય એક હજાર પોલીસે રાખી લીધા.

બટુકજી ગુન્હાને કબુલ હોવાથી તેના ઉપર ચાર્જસીટ ભરી ઈનિસાફે મોકલતા તેને પાંચ વર્ષની સખત કેદની સીક્ષા થઈ. અને રૂપીયા એક હજાર શક પડતા માની સરકાર દાખલ કરવામાં આવ્યા.

વાંચનાર! સોદાગર બીજો કોઇ નહી પણ બાબુ બીપીનચંદ્ર પોતેજ હતો, જાનમાલના જોખમે એક હજાર રૂપીયા જેવડી મોટી રકમ બદમાસ ભીલ બટુકજી જેવાને સોંપી ચુકતી પ્રયુકતીથી તેને પકડાવી તે સાથે પોતે પણ કેદ થયો અને છેવટ બટુકજી પાસે ગુન્હાની કબુલત કરાવી પોતે છુટો થઇ બદમાસ બટુકજીને સીક્ષાએ પહોંચાડવા સુધી બાબુ બીપીનચંદ્રે તમામ ગોઠવણ સ્થાનીક પોલીસને કરી આપવા બાદ પોતાને કામાવતી નગરીમાં થએલ ગુન્હાની તપાસે જવા હુકમ મળતાં તે કામાવતી જવા ઉપડી જવાથી.

વાંચો વાંચો વાંચો

"વિદ્યા સંપાદન કરવા છતાં પોતાની જાત ઉપર જઈ હેરત પમાડે તેવી તદબીરથી ગુન્હા કરનાર."

☞ વિદ્વાન વાઘરી વાઘલો ☜

દોહરો

વીનંતી વાંચક વૃંદને, પુસ્તક હોય પસંદ
આપો, વાંચી અવરને, લે, વાંચી આનંદ.



જાહેર ખબર.

હમારા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ પુસ્તકો

૧	પ્રબોધમાળા	૦—૩—૦
૨	ગાંઠીયા તાવનો ગજબ	૦—૦—૬
૩	બેટ ગોમતીના ભોમીયો	૦—૮—૦
૪	બેટ દ્વારકાનો ભોમીયો	૦—૮—૦
૫	પોલીસ એકીકરણ	૧—૦—૦
૬	ગામ કામદારના કર્તવ્ય	૧—૦—૦
૭	પોલીસ કર્તવ્ય	૧—૦—૦
૮	પોલીસ દર્પણ	૨—૦—૦
૯	છુપી પોલીસ	
	મણકો ૧ લો બદમાશ બાબરીયો	૦—૨—૦
	મણકો ૨ જો વેષધારી ઠાકોર રણબાહાદુર	૦—૨—૦
	મણકો ૪ થો વિદ્વાન વાઘરી વાઘેલો	૦—૨—૬
	મણકો ૫ મો શીર હીંદુ, ધડ મુસલમાન	૦—૨—૬
	મણકો ૬ ઠો જુલમી જીન્નાત	૦—૨—૦
૧૦	ભેદી ખુન (યાને) પોલીસ પ્રપંચ જાળ (સચીત્ર)	૦—૧૨—૦
૧૧	ગુજરાતનો ભીલ (યાને) બદમાસ બનીયો	૧—૦—૦

મુકામ—પલસાણા (સચીન થઈને)

કર્તા.
નારદલાલ જેશંકર પોટા
(રાજ પોલીસ ઇન્સ્પેકટર)

છપાવી પ્રસિદ્ધ કરનાર:—ગુલાબભાઈ હરીભાઈ ગોળવાળા
સ્ટેશન રોડ—સુરત.
સુરત બરાનપુરી ભાગળ ભાજીવાળી પોળમાં આવેલા
શ્રી "અનાવિલ બંધુ" પ્રીન્ટીંગ પ્રેસમાં
ગોવિંદજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યું.